વાપી મહાનગરપાલિકા-વાપી

૩૯૬૧૯૧, તા-વાપી, જી-વલસાડ

(સેનીટેશન વિભાગ)

(જાહેર નોટિસ)

પર્યાવરણ,વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયલ ભારત સરકાર દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ ની નવી જોગવાઈઓ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સિવિલ અપીલ નં. ૬૧૭૪/૨૦૨૩ માં તા.૧૯.૦૨.૨૦૨૬ના રોજ આપવામાં આવેલ નિર્દેશો મુજબ, વાપી શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો દ્વારા નીચે મુજબથી ૪ પ્રકારે કચરાનું સેગ્રીગેશન કરી કચરો ડોર ટુ ડોર વાહનોમાં આપવાનો રહેશે.

- ભીનો કચરો: રસોડાનો કચરો, ફળો-શાકભાજી વગેરે.
- સૂકો કચરો: કાગળલ પ્લાસ્ટિક, કાચ, ધાતુ વગેરે.
- સેનિટરી કચરો: વપરાયેલા ડાયપર, સેનિટરી પેડ્સ વગેરે (આ કચરાને ઉત્પાદક દ્વારા આપવામાં આવેલી બેગ અથવા યોગ્ય કાગળમાં સુરક્ષિત રીતે લપેટીને અલગ રાખવો).
- વિશેષ કાળજીનો કચરો (Specai Care Waste)જોખમી ઘરગથ્થુ કચરો.

કચરો શેરીઓમાંલ ખુલ્લી જગ્યાઓમાં ગટરમાં કે જળાશયોમાં ફેંકવો બાળવો અથવા દાટવો એ કાનૂની ગુનો છે. આ નિયમો હેઠળ વાપી શહેરના તમામ ઝોન અને વોર્ડમાં આવેલ રહેણાંક એકમો અને કોમર્શિયલ એકમો વગેરેનો સમાવેશ થાય છે.

જો એકમ દ્વારા ઉપરોક્ત મુજબથી ૪ પ્રકારે કચરો અલગ અલગ આપવામાં નહિ આવે અને કામગીરીમાં બેદરકારી દાખવવામાં આવશે અથવા નિયમોનું ઉલ્લંઘન કરતાં માલૂમ પડશે તો નામદાર સુપ્રીમ કોર્ટના આદેશની અવમાનના ગણી સોલિડ વેસ્ટ રૂલ્સ-૨૦૨૬ ની જોગવાઈઓ અને લાગુ પડતાં અન્ય પર્યાવરણીય કાયદાઓ હેઠળ કડક દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી શકે છે.

વાપી શહેરને સ્વચ્છ અને પર્યાવણલક્ષી બનાવવાના આ અભિયાનમાં આપનો સાથ-સહકાર આવશ્યક છે. ઉપરોક્ત નિયમોને ધ્યાને લઇ વાપી મહાનગરપાલિકા દ્વારા નવા બાઈલોઝ બનાવી વાપી મહાનગરપાલિકાની વેબ સાઈડ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.જે અંગે કોઈ પણ વાંધા સૂચનો હોય એ દિન-૭માં વાપી મહાનગરપાલિકા કચેરી ખાતે લેખિતમાં જમા કરાવવા જાણ કવામાં આવે છે.

સહી/- નાયબ મ્યુનિસિપલ કમિશનર
વાપી મહાનગરપાલિકા

"સ્વચ્છતા આપના સૌની ફરજ, સ્વચ્છતા આપણા સૌનો અધિકાર"

નં. માહિતી/વલસાડ/૫૭૭/૨૦૨૬